# ખંભાત નગરપાલિકા,ખંભાત
# એજન્ડા નોટીસ

<u>તારીખ.૦૧–૦૯–૨૦૨૧ને બુધવારના</u> રોજ બપોરે ૪–૦૦ કલાકે મ્યુની.કાઉન્સીલ હોલમાં મળનાર જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભામાં કરવામાં આવનાર કામોના એજન્ડા.

(૧) તારીખ. ૩૧–૦૭–૨૦૨૧ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

(૨) એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૦૧ તારીખ.૦૭–૦૫–૨૦૨૧થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૫૮ તારીખ.૧૭–૦૮–૨૦૨૧ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

(૩) પબ્લીક વર્કસ કમીટી ઠરાવ નંબર. ૦૦૧ તા.૦૮–૦૬–૨૦૨૧ થી પબ્લીક વર્કસ કમીટી ઠરાવ નંબર. ૦૦૪ તા.૦૭–૦૭–૨૦૨૧ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

(૪) ખંભાત નગરપાલિકામાં ટાઉન પ્લાનીંગ કમીટીની રચના કરવા બાબત.

(૫) ગુજરાત મ્યુની.એકટ ૧૯૬૩ની કલમ ૭૬(૨) પેરા નં.૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ. ૦૧–૦૪–૨૦૨૧ થી તારીખ.૩૦–૦૬–૨૦૨૧ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવા બાબત.

(૬) ગુજરાત મ્યુની.એકટ ૧૯૬૩ની કલમ ૭૬(૨) પેરા નં.૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ. ૦૧–૦૪–૨૦૨૦ થી તારીખ.૩૧–૦૩–૨૦૨૧ સુધીના વાર્ષીક હિસાબો મંજુર કરવા બાબત.

આ ઉપરાંત ચેરમાંથી રજુ થાય તે બાબત.

સહી. કે. એચ. ગાંધી

ખંભાત નગરપાલિકા. પ્રમુખ,

<u>તારીખ.૨૫–૦૮–૨૦૨૧</u> ખંભાત નગરપાલિકા,ખંભાત

નોધઃ (૧) બોર્ડની મીટીંગમાં કરવાનાં કામોનાં કાગળો જોવા તથા વાંચવા સારૂ ઓફીસ ચાલુ હોય તે દિવસો અને રજાના દિવસો દરમ્યાન સવારના ૧૦–૦ થી ૧૨–૦ સુધી ઓફીસ ટેબલ ઉપર મુકવામાં આવેલ છે.

(૨) એજન્ડા પેપરમાં દાખલ કરેલ કામોને વ્યાખ્યા અગર સાર તરીકે ગણવાનાં નથી પરંતુ કામોના વિષયે સુચન છે.

(૩) એજન્ડાની તમામ આઈટમના ઠરાવો નગરપાલિકાની વેબસાઈટ ઉપર દરેકને જોવા મળશે અને નકલો પણ લઈ શકશો www.khambhatnagarpalika.in ઉપરથી મેળવી શકશો.

# ખંભાત નગરપાલિકા, ખંભાત

આજ તારીખ.૦૧–૦૯–૨૦૨૧ને બુધવાર ના રોજ સાંજે ૦૪–૦૦ કલાકે ખંભાત નગરપાલિકા કચેરીના સભાખંડમાં પ્રમુખશ્રી કામીની હિરેનકુમાર ગાંધી ના અધ્યક્ષ સ્થાને જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભા મળી હતી પ્રારંભમાં ઉપસ્થિત સદસ્યશ્રીઓની હાજરી રજીસ્ટરમાં સહી લેતા નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર છે.

<u>હાજર સભ્યશ્રી ઓ.</u>

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | પ્રમુખશ્રી | હાજર |
| (૨) | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર (રાજભા) | ઉપપ્રમુખશ્રી | હાજર |
| (૩) | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ (પેઈન્ટર) | સભ્યશ્રી | હાજર |
| (૪) | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | સભ્યશ્રી | હાજર |
| (૫) | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | સભ્યશ્રી | હાજર |
| (૬) | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | સભ્યશ્રી | હાજર |
| (૭) | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી | સભ્યશ્રી | હાજર |
| (૮) | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | સભ્યશ્રી | હાજર |
| (૯) | શ્રી | ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ (અપ્પુ) | સભ્યશ્રી | હાજર |
| (૧૦) | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | સભ્યશ્રી | હાજર |
| (૧૧) | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી | સભ્યશ્રી | હાજર |
| (૧૨) | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ | સભ્યશ્રી | હાજર |
| (૧૩) | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા (પ્રકાશ) | સભ્યશ્રી | હાજર |
| (૧૪) | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૫) | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | સભ્યશ્રી | હાજર |
| (૧૬) | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ (ગેસવાળા) | સભ્યશ્રી | હાજર |
| (૧૭) | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | સભ્યશ્રી | હાજર |
| (૧૮) | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | સભ્યશ્રી | હાજર |
| (૧૯) | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | સભ્યશ્રી | હાજર |
| (૨૦) | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા (કાનજીભાઈ) | સભ્યશ્રી | હાજર |

| | | | | |
|---|---|---|---|---|
| (૨૧) | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | સભ્યશ્રી | હાજર |
| (૨૨) | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) | સભ્યશ્રી | હાજર |
| (૨૩) | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની (વકીલ) | સભ્યશ્રી | હાજર |
| (૨૪) | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ (એઝાઝબાપુ) | સભ્યશ્રી | હાજર |
| (૨૫) | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| (૨૬) | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) | સભ્યશ્રી | હાજર |
| (૨૭) | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) | સભ્યશ્રી | હાજર |
| (૨૮) | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | સભ્યશ્રી | હાજર |
| (૨૯) | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | સભ્યશ્રી | હાજર |
| (૩૦) | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ (ભુપતભાઈ) | સભ્યશ્રી | હાજર |
| (૩૧) | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૩૨) | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા | સભ્યશ્રી | હાજર |
| (૩૩) | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા (બાલ્યો) | સભ્યશ્રી | હાજર |
| (૩૪) | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી (ભજનવાળી) | સભ્યશ્રી | હાજર |

**નીચે મુજબના સદસ્યશ્રીઓ ગેરહાજર રહેલ છે.**

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત | સભ્યશ્રી | ગેર હાજર |
| (૨) | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ | સભ્યશ્રી | ગેર હાજર |

**હાજરી લીધા બાદ સભાનું કોરમ પુરૂ થયું હોઈ પ્રમુખશ્રી તરફથી તમામ સદસ્યશ્રીઓને આવકારીને સભાનું કામ કાજ શરૂ કર્યુ.**

એજન્ડા ક્રમાંક.૧ તારીખ.૦૧–૦૯–૨૦૨૧

તારીખ. ૩૧–૦૭–૨૦૨૧ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૦૨૪ તારીખ.૦૧–૦૯–૨૦૨૧

એજન્ડા ક્રમાંક : ૧ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી અશોકભાઈ વી. કાછીયા તરફથી અને સદસ્યશ્રી કનૈયાલાલ એમ. રાણા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૦૧–૦૯–૨૦૨૧ ના રોજ ખંભાત નગરપાલિકાની મળેલ જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભા ઠરાવે છે કે તારીખ. ૩૧–૦૭–૨૦૨૧ ગત બોર્ડનું પ્રોસીડીગ મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી નિતિનભાઈ આર બ્રહ્મભટ્ટ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબની સુધારા દરખાસ્ત સદસ્યશ્રી પ્રફુલ્લભાઈ એમ. ચુનારા ના ટેકા સાથે રજુ થઈ.

<u>સુધારો :–</u>

આ આઈટમ ૩૧–૭–૨૧ ગત બોર્ડનું પ્રોસીડીગ મંજુર કરવા બાબત પણ ન.પા. ના ગુ.અધિનિયમ ૧૯૬૩ અને ન.પા. પેટા નિયમ ૧૯૭૧ અને ન.પા.ના નાણાંકીય નિયમ પ્રમાણે ઠરાવો થયેલ નથી અને અમો જ.બોર્ડમાં પણ જણાવેલ છે કે જે ઠરાવો પાસ થયા નથી અને ત્રિમાસીક હીસાબો મંજુરી માટે આવેલ છે જેથી પ્રથમ ઠરાવ મંજુર કરાવવા જોઈએ ત્યાર પછી ત્રિમાસીક હીસાબો મંજુર કરવા જોઈએ આમ નાણાંકીય નિયમો અને ન.પા. અધિનિયમ ૧૯૬૩નો ભંગ કરેલ છે.

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ | ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા |
| ૨ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | ૨ | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી |
| ૩ | શ્રી | ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ | ૩ | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી |
| ૪ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | ૪ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય |
| ૫ | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ | ૫ | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી |
| ૬ | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા | ૬ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ |
| ૭ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | ૭ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા |
| ૮ | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ | ૮ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | ૯ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી |
| ૧૦ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા | ૧૦ | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા |
| ૧૧ | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તારહુસેન યમની | ૧૧ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર |
| ૧૨ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ | ૧૨ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા |
| | | | ૧૩ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી |
| તટસ્થ | | | ૧૪ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા |
| ૧ | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ | ૧૫ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| | | | ૧૬ | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર |
| | | | ૧૭ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ |
| | | | ૧૮ | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા |
| | | | ૧૯ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |
| | | | ૨૦ | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા |
| | | | ૨૧ | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી |

**સુધારા દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૧૨) તટસ્થમાં (૧) વિરૂધ્ધમાં (૨૧) મત પડતાં સુધારા દરખાસ્ત ના મંજુર થાય છે.**

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા**

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ |
| ૨ | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | ૨ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા |
| ૩ | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી | ૩ | શ્રી | ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ |
| ૪ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | ૪ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ |
| ૫ | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી | ૫ | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ |
| ૬ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | ૬ | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા |
| ૭ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | ૭ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા |
| ૮ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | ૮ | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ |
| ૯ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | ૯ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક |
| ૧૦ | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા | ૧૦ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા |
| ૧૧ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર | ૧૧ | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તારહુસેન યમની |
| ૧૨ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | ૧૨ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ |
| ૧૩ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | | | |
| ૧૪ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા | તટસ્થ | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | ૧ | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ |
| ૧૬ | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | | | |
| ૧૭ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ | | | |
| ૧૮ | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા | | | |
| ૧૯ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા | | | |
| ૨૦ | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા | | | |
| ૨૧ | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી | | | |

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૨૧) વિરૂધ્ધમાં (૧૨) અને તટસ્થમાં (૧) મત પડતાં મુળ દરખાસ્ત મંજુર થાય છે.**

**સહી. કામીની એચ. ગાંધી**

**પ્રમુખ**

**ખંભાત નગરપાલિકા, ખંભાત**

એજન્ડા ક્રમાંક.૨ તારીખ.૦૧–૦૯–૨૦૨૧

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૦૧ તારીખ.૦૭–૦૫–૨૦૨૧ થી એકઝી–કયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૫૮ તારીખ. ૧૭–૦૮–૨૦૨૧ સુધી ના ઠરાવો મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૦૨૫ તારીખ.૦૧–૦૯–૨૦૨૧

એજન્ડા ક્રમાંક : ૨ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી રાજેશભાઈ જી. રાણા તરફથી અને સદસ્યશ્રી અશોકભાઈ વી. કાછીયા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૦૧–૦૯–૨૦૨૧ ના રોજ ખંભાત નગરપાલિકાની મળેલ જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભા ઠરાવે છે કે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૦૦૧ તારીખ.૦૭–૦૫–૨૦૨૧ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૫૮ તારીખ.૧૭–૦૮–૨૦૨૧ સુધીના ઠરાવો મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી નિતિનભાઈ આર બ્રહ્મભટ્ટ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબની સુધારા દરખાસ્ત સદસ્યશ્રી પ્રફુલ્લભાઈ એમ. ચુનારા ના ટેકા સાથે રજુ થઈ.

આ આઈટમ એ. ક. ઠરાવ ૧ થી ૭૬ સુધીના ઠરાવો ૭–૫–૨૧ અને ૩૧–૫–૨૧ ના છે અને ગુ. ન. પા. અધિનિયમ ૧૯૬૨ માં જોગવાઈ છે કે આ ઠરાવો મંજુરી માટેની મર્યાદા ત્રણ માસની છે અને જો ત્રણ માસમાં ન લવાય તો સદર ઠરાવો રદ કરવા અને આ અંગે જે કોઈ જવાબદાર અધિકારી હોય તેમની જવાબદારી નકકી કરવી જેથી આ ઠરાવ ૧ થી ૭૬ સમય મર્યાદા બહાર હોવાથી ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૨</u>

સદર ઠરાવ કર્મચારીઓ ને ગ્રેજયુઈટી તથા હકક રજા આપવા અંગેનો છે.

આ બાબતે શ્રી કનુભાઈ હીંમતભાઈ પટેલ એન્જીનીયરને કેટલાક કારણોથી સસ્પેન્ડ કરવામાં આવેલ હતા અને જે કારણોસર તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતાં તેનું કાયદેસર નિરાકરણ થયેલ નથી જેથી શ્રી કનુભાઈને ગ્રેજયુઈટી તથા હકક રજા હાલ પુરતું આપવામાં ન આવે તે પુરતો સુધારો મુકીએ છે બાકીના માટે ઠરાવ મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૩</u>

સદર ઠરાવ વિશાલ શાહ એન્ડ કું ને ઈન્કમટેક્ષ / ટીડીએસ વકૃના કામગીરી બાબત વર્ષ ૨૦૨૧–૨૨ માં રોકવા માટેનો છે સદર ઠરાવ અંગે નિયમસર કાર્યવાહી થયેલ ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

(સંદર્ભ : ગુજરાત નગરપાલિકા એકટ ૧૯૬૩ ની કલમ ૬૭ પ્રમાણે)

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૪**

સદર ઠરાવ વિશાલ શાહ એન્ડ કું ને માલીક રીર્ટન ફાઈલ કરવાની કામગીરી અને મહેનતાણા અંગેનો છે.

સદર ઠરાવ બાબતે નિયમોનુસાર કાર્યવાહી થયેલ ન હોઈ નામંજુર કરવામાં આવે છે.

(સંદર્ભ : ગુ. ન.પા. અધિનિયમ એકટની કલમ ૬૭ મુજબ નથી.)

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૫**

સદર ઠરાવ ખંભાત નગરપાલિકામાં અક્રુઅલ બેઈઝ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમ મુજબ વર્ષ ૨૦૧૯–૨૦ ના વાર્ષીક હીસાબ તૈયાર કરવા માટે રૂા.૧,૯૮,૪૫૦/– + GST 9% applicable rates સાથેના કામગીરી પટેલ એન્ડ મહેતા ચાર્ટડ એકાઉન્ટન્ટ ફર્મને આપવા અંગેનો છે.

સદર ઠરાવ કરવામાં નિયમોનુસાર કાર્યવાહી થયેલ ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

(સંદર્ભ : ગુજરાત નગરપાલિકા અધિનિયમ એકટની કલમ ૬૭ મુજબ.)

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૭**

સદર ઠરાવ સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષની બે લીફટો બંધ થયેલ છે બંધ લીફટોની રીપેરીગ કરવા ભાવો મંગાવવા તથા તે અંગે જાહેરાત આપવાના ખર્ચની છે

સદર ઠરાવમાં જણાવેલ જાહેરાત માહીતી ખાતા મારફત આપેલ ન હોઈ તથા સદર કામગીરીમાં શરતોમાં ગેરંટી પીરીયડ બાબતે કોઈ ઉલ્લેખ ન હોઈ સદર કામગીરી નિયમો નુસાર ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

(સંદર્ભ : ગુજરાત નગરપાલિકા અધિનિયમ એકટની કલમ ૬૭ મુજબ.)

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૮**

આ ઠરાવ જીલ્લા આયોજન કચેરી ધ્વારા ૧૫% વિવેકાધીન જોગવાઈ ૨૦–૨૧ની ગ્રાંટ વિ.જો.(ન.પા)/વ.મ./૨૦૨૦–૨૧/વશી/૧૪૩ તા.૨૬/૦૩/૨૦૨૧ થી ખંભાત ન.પા. ને રૂા.૨૫,૦૬,૪૯૦/– વહીવટી મંજુરી મળેલ છે તે અંગે જરૂરી ટેન્ડર પેપર તૈયાર કરવા ન.પા. કન્સલટન્ટ ધર્મેશભાઈ પટેલ ને જરૂરી ટેન્ડરની કાર્યવાહી કરી ઓન લાઈન ખર્ચ મંજુર કરવાનો છે.

પરંતુ સવાલ એ છે કે ગ્રાંટ તા.૨૬–૩–૨૧ ના વહીવટી મંજુરી મેળેલ છે તો તેમને કઈ કામગીરી કરી અને કયા કામોની પેપરમાં જાહેરાત કરી તે અંગે આજ દીન સુધી કોઈ ઉલ્લેખ નથી ૨૬–૩–૨૧ ની વહીવટી મંજુરી નો યોગ્ય કાર્યવાહી કરવા તા.૭–૫–૨૧ના રોજ ઠરાવ કરવામાં આવે છે વિકાસના કામો કરવામાં ઘણી ઢીલ છે વળી અગાઉના જ.બોર્ડ

મળેલ પરંતુ આ ઠરાવો ૭–૫–૨૧ ના જરૂરી મંજુરી માટે મુકવામાં આવેલ નથી અને જ.બોર્ડની અપેક્ષા એ કાયદા વિરૂધ્ધ કાર્યવાહી કરવા પ્રમુખશ્રી ટેવાયેલ છે ઘણા બધા કામો જેવા કે પાથરણા, કોમ્પ્યુટરની ખરીદી, ભંગાર માલ સામાન વગેરે જ.બોર્ડ મળેલ પરંતુ આ ૭/૫ ના ઠરાવો જ.બોર્ડમાં લાવવામાં આવેલ નથી અને બહુમતીના જોરે કાર્યવાહી કરેલ છે તે ગેરબંધારણીય છે.

આ પ્રકારની કામગીરી બંધ કરીને ગુ.ન.પા.અધિનિયમ ૧૯૬૩ ની જોગવાઈ મુજબ કમીટીઓના ઠરાવો જ. બોર્ડમાં પ્રથમ મંજુર કરાવીને જ આગળની કાર્યવાહી થવી જોઈએ કન્સલટન્ટ ધર્મેશભાઈ પટેલે જે કાર્યવાહી કરેલ તેવી બોર્ડ અમલ છે જેથી ભવિષ્યમાં આવી પ્રથા બંધ કરવા જણાવવામાં આવે છે અને આ ઠરાવ મંજુરીનો ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૯</u>

સદર ઠરાવ નગરપાલિકા વિસ્તારમાં બીન શકાહરી ખાદ્ય પદાર્થો બતાવીને કોઈ–પણ ખાનગી દુકાનમાં વેચવા કે બનાવવા કે તે જગ્યામાં ઉપયોગ કરવા લાયસન્સ આપવા અંગેનો છે.

સદર ઠરાવમાં જણાવ્યા પ્રમાણે ન.પા.ના તમામ શોપીગ સેન્ટરો વિ. માં લાયસન્સ કે પરવાનગી હંગામી કે કાયમી ધોરણે ન આપવા અંગેનો ઠરાવ છે.

ન.પા.એ જયારે શોપીગ સેન્ટરોની દુકાનો ભાડે આપી તે સમયે જણાવેલ શરતોમાં આવી કોઈ શરત છે કે કેમ ? તે સમયે શા માટે શરત રાખી નથી.

તદઉપરાંત સદર બાબતે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૨૦૭ અને ૨૦૮ ની જોગવાઈ હેઠળ ન.પા.ને સત્તાઓ આપેલ હોવા છતાં આ અલાયદો ઠરાવની કોઈ જરૂર ન હોઈ ઠરાવ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૦</u>

સદર ઠરાવ નયા પડકારમાં જાહેરાત આપવા તથા હંગામી ધોરણે કરાર આધારીત ૧૧ માસ માટે એન્જીનીયરની નિમણુંક માટેનો છે.

નયા પડકારમાં જાહેરાત માહીતી ખાતા મારફતે આપવામાં આવે છે કે આવેલ હોય તો મંજુર અન્યથા સદર ઠરાવ ના મંજુર કરવામાં આવે છે સદર ઠરાવ ગુજરાત ન.પા. અધિનિયમ અન્વયે કાર્યવાહી થયેલ નથી.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૧</u>

સદર ઠરાવ સેનેટાઈઝની કામગીરીમાં વપરાતા પંપ સર્વીસ કરવા તથા તેમાં રીપેરીગ કામ કરવા અને જરૂરી સ્પેર પાર્ટસ ખરીદવાની કામગીરી કરવાના થતાં ખર્ચ અંગેનો છે સદર ઠરાવ નિયમોનુસાર કરેલ ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૫</u>

સદર ઠરાવ ત્રંબાવટી ભવનમાં આવેલ ધર્મશાળામાં નવુ પ્રિન્ટર ખરીદવા તા. ૧૮–૧૧–૨૦ના રોજ રીપોર્ટ કરતાં સરકયુલર ટેન્ડર ફેરવતા તા.૨૫–૧૧–૨૦ સુધી ભાવો આવેલા છે તે અંગેના ખર્ચના છે.

સદર ઠરાવ સમય મર્યાદા બહાર તથા ગેરકાયદેસર છે સરકયુલર ટેન્ડરથી ભાવો મંગાવવા નિયમોમાં કોઈ જોગવાઈ ના હોઈ તથા નિયમોનસાર કાર્યવાહી કરેલ ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૬    સુધારો</u>

સદર ઠરાવમાં ગુમાસ્તા ધારા તથા પ્રોફેશનલ ટેક્ષ વિભાગમાં ઈન્ટરનેટ વાયર – નાંખવામાં આવેલ છે સદર વાયરો ઉંદરો વારંવાર કાપી નાંખે છે જેથી કામગીરીમાં વિક્ષેપ પડે છે.

સદર બાબતે ભવિષ્યમાં ઉંદરો વાયરોને કાપી નુકશાન ન કરે તેવું પ્રબંધ કરવામાં આવે તેવા સુધારા સાથે ઠરાવ મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૮</u>

સદર ઠરાવ ન.પા.ના અલગ અલગ ખાતાના કન્ડમ થયેલ વાહનોની અપસેટ વેલ્યુ કરાવવા અંગેનો છે.

આ બાબતે જુના ભંગાર વાહનોની બજાર વેલ્યુ નકકી કરવા નિયમોમાં ઉલ્લેખ છે પરંતુ અપસેટ વેલ્યુ નકકી કરવા નિયમોમાં કોઈ ઉલ્લેખ નથી કે જોગવાઈ નથી આમ અપસેટ વેલ્યુ નકકી કરવાનો ઠરાવ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૨૮</u>

સદર ઠરાવ સેનેટરી ખાતા માટે રૂા.૩૬,૦૦,૦૦૦/–ના સાધનો ખરીદવા અંગેનો છે.

સદર ઠરાવ નિયમોનુસાર ન હોઈ નામંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૨૯</u>

સદર ઠરાવમાં જણાવ્યાનુસાર ખંભાત નગરપાલિકા સામાન્ય ચુંટણી–૨૦૨૧ અંતર્ગત થતાં ખર્ચ માટે ચુંટણી પંચે રૂા.૧૬,૫૦,૦૦૦/–ની ગ્રાંટ ફાળવેલ હતી જે પુર્ણ થઈ ગયાનું જણાવેલ છે.

સદર કામ માટે મામલતદાર કચેરીના તા.૩૦–૩–૨૧ના પત્રથી રૂા.૬,૭૦,૦૦૦/–ની માંગણી કરવામાં આવેલ છે જેમાં રૂા.૩,૨૯,૮૭૩/– બચત રહેલ રકમ મામલતદાર કચેરીના હવાલે કરેલ બાકી રહેલ માંગણા પૈકી ૩,૪૦,૧૨૭/– રૂપીયા ન.પા.ના જનરલ ફંડમાંથી ચુકવવા અંગેનો છે.

સદર ઠરાવમાં જણાવ્યા પ્રમાણે રૂા.૩,૪૦,૧૨૭/– જનરલ ફુડમાંથી ચુકવવા ન.પા.ના બજેટમાં કોઈ જોગવાઈ નથી તથા સદર ખર્ચની જવાબદારી ન.પા.ની ઉપસ્થિત

થતાં નથી અથવા ચુંટણી પંચે આવો કોઈ આદેશ કરેલ નથી જેથી સદર ઠરાવ નિયમોનુસાર ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૩૦**

સદર ઠરાવ જે.સી.બી.ના આગળના બકેટનો પીસ્ટન રોડ તુટી જવા બાબતે ડ્રાયવર તથા મરામત ખાતા ધ્વારા બેદરકારી રાખવામાં આવેલ છે કે કેમ? તે બાબતે વિસ્તૃત રીપોર્ટ રજુ કરવામાં આવે ત્યાર બાદ જ ખર્ચ બાબતનો નિર્ણય કરી શકાય માટે ઠરાવ ના મંજુર કરવામાં આવે છે.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૩૧**

સદર ઠરાવ સેનેટરી ખાતામાં ચાલતા ટ્રેકટર ટેમ્પા વિગેરેમાં લગાવેલ જી.પી.એસ. સીસ્ટમને રીચાર્જ કરવા માટે કરવાના ખર્ચ અંગેનો છે.

સદર ઠરાવ નિયમોનુસાર ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૩૩**

સદર ઠરાવ લાઈટ વિભાગના ટેમ્પા નં.જીજેર૩ જી ૦૪૪૩ ની બેટરી ખરાબ થઈ ગયેલ હોવાથી નવી બેટરી નાંખવા સરકયુલર ટેન્ડર ફેરવી ભાવો મંગાવી બેટરી ખરીદ કરી તેનો ખર્ચ મંજુર કરવા અંગેનો છે.

સદર ઠરાવ નિયમોનુસાર ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૩૬**

સદર ઠરાવ લાઈટ વિભાગની એલઈડી લાઈટો રીપેરીગ કરવા તેનો માલ સામાન અમદાવાદ થી ખરીદવા ન.પા. માંથી રૂા.૧૦,૦૦૦/–એડવાન્સ લઈ અમદાવાદથી રોકડેથી ખરીદ કરવા અંગેનો છે.

સદર ઠરાવ બાબતે એલઈડી લાઈટોની ગેરંટી પાંચ વર્ષની છે તો સદર રીપેરીગ જે તે કોન્ટ્રાકટર પાસે કરાવવી જોઈએ તદઉપરાંત ન.પા.માંથી રૂપીયા.૧૦,૦૦૦/– લઈ શકાય નહી જે પણ ગેરકાયદેસર છે માટે સદર ઠરાવ નિયમોનુસાર ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૫૦**

સદર ઠરાવ હરતી ફરથી હાથલારી તથા પાથરણા ધ્વારા ધંધો વ્યવસાય કરતા ઈસમો પાસેથી દૈનિક લાયસન્સ ફી ઉઘરાવવા ઈજારો આપવા અંગેનો છે.

સદર હરાજીનો ઠરાવ જનરલ બોર્ડમાં લાવી તેમાં મંજુર થયે ઈજારો આપી શકાય જેથી સદર ઠરાવ નિયમોનુસાર ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૫ર**

સદર ઠરાવ સી.સી.ટી.વી. કેમેરાનું મેઈન જંકશન બોકસ ન.પા.ના પ્રમુખશ્રીની

ચેમ્બરમાં જોઈ શકાય ત્યાં ચેમ્બર સુધી લાઈન લંબાવવા માટે ભાવ પત્રકો મંગાવેલ છે જે એજન્સી પાસે કામ કરાવવા અને તે અંગે ખર્ચ મંજુરકરવા અંગેનો છે.

સદર ઠરાવ નિયમોનુસાર ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૫૪</u>

સદર ઠરાવ ખંભાત નગરપાલિકાના ફાયર બ્રિગેડ ખાતામાં વોટર બાઉઝર ૫૨૨૪ આવેલ જેમાં ઓઈલ તથા ફીલ્ટરો બદલવા તેમજ કેબીનનું પરચુરણ કામ કરાવવા માટે એસ્ટીમેટ મેળવેલ છે જેનો ખર્ચ કરવા માટેનો ઠરાવ છે.

સદર ઠરાવ નિયમોનુસાર ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૬૦</u>

સદર ઠરાવ શહેરમાં આવેલ જુદી જુદી જગ્યાએ ઈન્ડસ ટાવર કંપનીના (તેર)ટાવરો ઉભા કરવામાં આવેલ છે જે પૈકી ૭ ટાવરો (૭) ફોર (૪) જી ટાવરો ઈન્ડસ ટાવર તરફથી ઉભા કરી ચાલુ કરવા માટે એન.ઓ.સી.ની માંગણી કરવામાં આવેલ છે.

સદર ટાવરો જે તે વિસ્તારમાં નાંખવાના હોય તે વિસ્તારની પ્રજાને જાહેર નોટીસ આપી પ્રજામત લેવો જોઈએ તથા શરત નં.૧૧ માં મોબાઈલ ટાવરની ઉંચાઈના પ્રતિ મીટર રૂા. ૭૦૦/– ના ચાર્જ બાબતે સબ જયુડીશ મેટર ચાલતી હોય કોર્ટના આખરી હુકમ અન્વયે કાર્યવાહી કરવાની રહેશે તેમ જણાવેલ છે.

સદર બાબતે જયાં સુધી આ મેટર સબજયુડીશ હોય ત્યા સુધી એન.ઓ.સી.આપી શકાય નહી તથા નિયમોનુસાર કાર્યવાહી થયેલ જણાતી નથી માટે સદર ઠરાવ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૬૧</u>

સદર ઠરાવ પડી ગયેલા ઝાડો કાપીને સ્મશાન સુધી પહોચાડવાના અંગેનો ઠરાવ છે.

સદર ઠરાવમાં રૂા. ૪૫ (પીસ્તાલીસ) ના ૧ મણના ભાવો પ્રમાણે લાકડા કાપવાનો છે હાલમાં જે ઠરાવ છે તેમાં ૩૭૭૦ મણ લાકડા કાપવાના ૧,૭૦,૦૦૦/– જેટલો ખર્ચ થાય તેમ છે તો સદર બાબતે નિયમાનુસાર કામ થાય તેમ હોવાનું માલુમ પડતું નથી માટે જો નિયમોનુસાર કામ ન થયેલ હોઈ સદર ઠરાવ નામંજુર કરવામાં આવેલ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૬૩</u>

સદર ઠરાવ નિયમોનુસાર ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૬૬</u>

આ આઈટમ માદળા દીલખુશ બાગ સીટી રેવન્યુ નંબર. ૯૮ સીટી સર્વે નંબર. ૩/૩૨૪૮ શ્રી નવાબ મીરઝા હુસેન યાવરખાન સાહેબની જ.બો.ઠ.૧૬૨ તા.૩૦–૭–૭૩થી માસીક ભાડુ રૂા.૩૨૫ માં ન.પા. એ તેમની સાથે કરાર કરેલ હતો અને સીવીલ કોર્ટમાં દાવો

૩૯/૨૦૧૬ માં ચાલે છે તો ભાડુ તેઓ સ્વીકારતા નથી જેથી કોર્ટમાં ભાડુ જમા કરવા – અંગેનો છે.

પરંતુ ભાડુ છેલ્લા ચાર વર્ષથી કોર્ટમાં કેમ જમા કરવું પડે છે ન.પા.એ ભાડા કરાર થી કરેલ જમીન પર સરકારશ્રીની ગ્રાંટમાંથી કોમ્યુનીટી હોલ બાંધેલ છે તો ન.પા.ના ચીફ ઓફીસરશ્રી, એન્જીનીયરશ્રી, સરકારના સર્વેયર અને જે તે વહીવટી પાંખના વડા ને આ બાબતથી અજાણ હતાં માલીકી ન હોય અને તેના પર સરકારશ્રીની ગ્રાંટના રૂપીયા વપરાયા અને આજે કોમ્યુનીટી હોલ જગ્યાની માલીકીની હીસાબે વપરાયા વગર નાગરીકો લાભ લઈ શકતા નથી આજે ખર્ચ કરેલ તે અંગે જે કોઈ સર્વેયર યા અધિકારીશ્રી અને ચુંટાયેલી પાંખના સર્વે જવાબદાર છે તો આજે ખર્ચ થયેલ છે તેમની પાસે વસુલ લેવો એવો સુધારો મુકવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૬૯</u>

સદર ઠરાવ રણજીતરાય કોમ્પ્લેક્ષની દુકાન નં.૧૧ સચિનકુમાર જનકભાઈ બ્રહ્મભટ્ટને ફાળવેલ હતી જે હરાજીની શરત નં. ૧૮ મુજબ પ્રિમિયમની રકમ જમા કરાવેલ ન હોવાથી ડીપોઝીટની રકમ રૂા. ૫૦,૦૦૦/– જપ્ત કરવા અંગેનો છે.

માદળા તળાવના ત્રિકોણીયામાં રણજીતરાય શાસ્ત્રી કોમ્પ્લેક્ષ બાંધકામ બાબતે હાઈકોર્ટમાં હાલ કેસ પેન્ડીંગ છે સદર કોમ્પ્લેક્ષમાં ભોયતળીયે દુ.નં.૧૦ અને રૂપી હોટલની વચ્ચેની જગ્યામાં ન.પા. એ ગેરકાયદેસર રીતે દુકાન નં.૧૧ નું બાંધકામ કરેલ છે આથી સદર દુકાનની હરાજી મુળથી જ ગેરકાયદેસર હોઈ ઠરાવ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૭૨</u>

સદર ઠરાવ ખંભાત નગરપાલિકાના ત્રંબાવટી કોમ્પ્લેક્ષની ધર્મશાળામાં ૧૮ રૂમો બનાવવામાં આવેલ છે જેમાં સેટપ બોકસ મુકવા અંગે તથા તેને રીચાર્જ કરવા અંગેના રૂા.૩૮,૮૮૦/– અંગેનો છે સદર ઠરાવ નિયમોનુસાર ન હોઈ ના મંજુર કરવામાં આવે છે. (સંદર્ભ : ગુજરાત નગરપાલિકા અધિનિયમ એકટની કલમ ૬૭ મુજબ.)

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૭૯</u>

સદર ઠરાવ ન.પા.ના નિવૃત્ત કર્મચારી શ્રી ભુપતભાઈ ભગવાનદાસ પંચાલની ખંભાત ન.પા.એ ચુકવી આપેલ ગ્રેજયુઅટ બાબતે ચુકવણી અધિનિયમ ૧૯૭૨ આણંદ સમક્ષ કેસ નંબર. ૬૪/૨૦૧૯ દાખલ કરેલ જેમાં ન.પા. વિરૂધ્ધ નિર્ણય થતાં ન.પા.એ વડોદરા સમક્ષ અપીલ દાખલ કરેલ જે અપીલ ન.પા.ની રદ કરવામાં આવેલ છે જેથી આ બાબતે હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરવા વકીલ રોકવા અને ફી ચુકવવા અંગેનો છે.

સદર ઠરાવ ન.પા.ના કર્મચારીનો છે આ બાબતે નિવૃત્ત કર્મચારી સાથે સમાધાન આવશ્યક છે વકીલને કેટલી ફી ચુકવવી તેની ચોખવટ થી સદર ઠરાવ નિયમોનુસાર ન

હોઈ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૮૪</u>

સદર ઠરાવ ફાયર વિભાગની વિન્ગર એમ્બ્યુલન્સ કંપનીમાં સર્વિસ કરાવવાની હોવાથી સદર વાહનમાં પરચુરણ કામો કરવા અંગેનો છે.

સદર ઠરાવમાં ખર્ચ બાબતની કોઈ ચોખવટ નથી અને ઠરાવ નિયમોનુસાર ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૮૫</u>

સદર ઠરાવ ફાયર બ્રિગેડ તથા સેનીટેશન ખાતામાં જુના વાહનો તથા ઓફીસનું ભંગાર વેચાણ કરવા માટે વાહનોનું વેલ્યુ કઢાવવા ગર્વમેન્ટ વેલ્યુઅર પાસે કઢાવતા તથા આ બાબતની નોટીસ નયા પડકારમાં આપવા અને તેનો ખર્ચ મંજુર કરવા અંગેનો છે.

સદર ઠરાવ નિયમોનુસાર ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૮૭</u>

સદર ઠરાવ નિયમોનુસાર ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૮૯</u>

સદર ઠરાવ ગટરના આર.સી.સી. મેઈન હોલ ફ્રેમ  કવર સાથે ઓપનીગ વાળા ૫૦ ટન અને ૮૦ ટનની કેપેસીટી વાળા ઢાંકણ અને ચોરસ ફ્રેમ સાથેના ઢાંકણા માટે નયા – પડકાર જા × ખ આપવા અંગેનો છે.

સદર ઠરાવમાં જણાવેલ જા × ખ માહીતી ખાતા ધ્વારા આપવામાં આવેલ ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૯૦</u>

સદર ઠરાવ નિયમોનુસાર થયેલ નથી માટે ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૯ર</u>

સદર ઠરાવ એકાઉન્ટ વિભાગનું કોમ્પ્યુટર બંધ પડી ગયેલ છે જેમાં મધર બોર્ડ, આઈ.૩ પ્રોસેસર, ડી.ડી.આર.૩, ૪ જી.બી.રેમ, એસ.એમ.પી.એસ. વિગેરે બંધ પડી ગયેલ હોવાથી સરકયુલર ટેન્ડરથી ભાવો મંગાવેલ છે તે મંજુર કરવા બાબતનો છે.

સદર બાબતે નિયમોનુસાર કામ થયેલ નથી સરકયુલર ટેન્ડરની કોઈ જોગવાઈ નથી તથા ખંભાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૬૭ અને ૭૬(૩) મુજબ ના હોઈ ના મંજુર કરવામાં આવેશે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૯૩</u>

સદર ઠરાવ કોમ્પ્યુટર રીપેરીગ કરવા અંગેનો છે એકાઉન્ટ વિભાગમાં આગળના ઠરાવમાં પણ કોમ્પ્યુટર રીપેરીગ બાબતના ખર્ચનો છે.

સદર ઠરાવ નિયમોનસાર ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૯૪**

સદર ઠરાવ ખંભાત ન.પા.ના ગુમાસ્તા ધારા / વ્યવસાય વેરા વિભાગમાં ઈન્સ્પેકટર રીપોર્ટમાં જણાવ્યા મુજબ મોનીટર શોર્ટ થઈ ગયેલ છે તે નવું ખરીદવા અંગેના ખર્ચનો

સદર ઠરાવ નિયમોનુસાર ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૯૫**

સદર ઠરાવ લાઈટ વિભાગમાં કોમ્પ્યુટર બંધ પડી ગયેલ છે જે સરકયુલર ટેન્ડર મંગાવી તેના ખર્ચ કરવા અંગેનો છે.

સદર ઠરાવમાં જણાવ્યા મુજબ સરકયુલર ઠરાવની કોઈ જોગવાઈ નથી અને દરેક વિભાગમાં કોમ્પ્યુટર એક સાથે કઈ રીતે બંધ પડે જે માનવા જેવી વાત નથી જેથી સદર ઠરાવ નિયમોનુસાર અને ગુજરાત ન.પા. અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૬૭ અને ૭૬(૩) મુજબ ના હોઈ ના મંજુર કરવામાં આવે છે.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૯૬**

સદર ઠરાવ જન્મ મરણ વિભાગમાં કોમ્પ્યુટર બંધ થવાથી તેને રીપેર કરવા સરકયુલર લેટરથી ભાવો મંગાવી તે બાબતનો ખર્ચ મંજુર કરવા અંગેનો

સદર ઠરાવ નિયમોનુસાર ન હોવાને કારણે ના મંજુર કરવામાં આવે છે.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૯૮**

સદર ઠરાવ સરકારશ્રીના વિકાસ કામો લક્ષી યોજનાઓ અંતર્ગત''પ્રોજેકટ મેનેજમેન્ટ, એન્જીનીયરીંગ કન્સલટન્સી વર્ક'' કામના ટેન્ડરની જાહેરાત ''સંદેશ'' પેપરમાં તા.૨૧–૬–૨૧ ની હતી તેમાં ૧૬ ભાવ પત્રકો આવેલા તે પૈકી સી.એમ. એન્જીનીયરીગ અમદાવાદના ભાવ ૦.૮૯ % પ્રમાણે સૌથી ઓછા આવેલ છે આ કોન્ટ્રાકટરને નીચેના કામમાં ધ્યાન આપવાનું હોય છે.

(૧) પ્રોજેકટની સંપુર્ણ તૈયારી જેવી કે ફેસીબીલીટી રીપોર્ટ, સ્ટ્રકચર ડીઝાઈન, હાઈડ્રોલીક ડીઝાઈન કોસ્ટ, એસ્ટીમેટ ડ્રોઈગ, લે આઉટ રીપોર્ટ, એડમીટેડ એપ્રુલ લાવવાના ૦.૩૦% ટકા મંજુર કરેલ છે.

(૨) ટેન્ડર ડોકયુમેન્ટ, ટેન્ડરની જાહેરાત, ઈ.ટેન્ડર ડોકયુમેન્ટ, વેબ સાઈટ પર, ટેન્ડર પ્રમાણે ઈવેલ્યુએશન રીપોર્ટ માટે ૦.૧૯ % નકકી કરેલ છે.

(૩) સંપુર્ણ સુપરવીઝન કામ, મટીરીયલના સેમ્પલ, કયુબ ટેસ્ટ અને બીજા જરૂરી ટેસ્ટીગ સરકારશ્રીની ગાઈડ લાઈન પ્રમાણે મટીરીયલ અને કન્સલટન્ટ લેબોરેટરી (જી.ઈ. આર.એલ) એપ્રુવડ ટેસ્ટ રીપોર્ટ, નગરપાલિકાને આપવાના છે. રેકર્ડનું મેઝરમેન્ટ કમ્પલીટ કામનું સર્ટીફીકેટ આપવાનું હોય છે. ૦/૪૦ ટકા નકકી કરેલ છે.

આમ સમગ્ર રીતે જોતા આ ઠરાવ ન.પાલિકના હીતમાં છે કામની સંપુર્ણ જવાબદારી સી.એમ. એન્જીનીયરની છે.

આ કામે કરારથી નકકી કરેલ હોવા છતાં નગરપાલિકાના વિકાસના કામોની ગુણવત્તા જળવાતી નથી આ એજન્સીઓની સંપુર્ણ જવાબદારી હોવા છતાં રોડની ગુણવત્તા નો સવાલ ઉભો થાય આ કામની ગુણવત્તા ઉભી થાય ત્યારે આ લોકો જવાબદારી સ્વીકારતા નથી તો આ માટે તેમની સાથે કરાર કરવો જોઈએ કે કામની સઘળી જવાબદારી એજન્સીની હોય છે અને ટેન્ડરના કુલ કીમંતના ૦–૮૯ ટકા ચુકવવાના હોય છે છતાં તેઓ જવાબદારી સ્વીકારતા નથી જેથી આ એજન્સી સાથે ન.પાલિકા એ કરાર કરવો કે જો કામની ગુણવત્તા ન હોય તો તેમની સામે ફોજદારી રાહે પગલા લેવામાં આવશે હા પત્રકે આ વિકાસના નાણાં સરવાળે નાગરીકોના હોય છે માટે તેમની સામે ફોજદારી રાહે પગલા લેવા તેવો કરાર કરવા માટે સુધારો મુકવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૯૯</u>

સદર ઠરાવ ૧૫માં નાણાંપંચની ગ્રાંટમાંથી સામાન્ય સદર હેઠળ રૂ.૧,૨૦,૧૯,૭૨૦/- ની ગ્રાંટ નગરપાલિકાને ફાળવેલ છે સદર ગ્રાંટમાંથી નારેશ્વર વોટર વર્કસ તથા શહીદ બાગ વોટર વર્કસ પર સોલર રૂફ ટોપ પાવર પ્લાન્ટ ૧૦૦ કે.ડબલ્યુ. ના લગાવવાની કામગીરી અંગેનો છે ઠરાવમાં જણાવ્યા પ્રમાણે ગ્રાંટથી વધુ ખર્ચ થાય તો સ્વભંડોળમાંથી ખર્ચવાનો છે.

સદર ઠરાવ રૂફ ટોપ પાવર પ્લાન્ટ ૧૦૦ કે.ડબલ્યુ. અંગેનો છે પરંતુ સદર કામગીરી ગુજરાત ન.પા. અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૬૭ અને ૭૬ (૩) મુજબ ના હોઈ તે મુજબ કરવા માટે અને જેથી સદર ઠરાવ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૦૩</u>

આ ઠરાવ ગેરકાયદેસર બાંધકામ માટે ખંભાત વિસ્તારમાં ન.પા. તરફથી બાંધકામની રજા મળેલ પછી તે બાંધકામ નિયમાનુસાર છે કે નહી તે જોવાની ફરજ ન.પાલિકાની ગુ. અધિનિયમ ૧૯૬૩ માં જોગવાઈ હોવા છતાં કોઈ બાંધકામની કાયદેસરતા માટે તપાસ થતી નથી.

હવે વોર્ડ ઈન્સ્પેકટરોએ શહેરમાં બંધાતા મકાનની સર્વે કરીને ટેક્ષ સુપ્રિન્ટેન્ડેન્ટ ને રીપોર્ટ કરવાનો હવે પછી ટેક્ષ સુપ્રિન્ટેન્ડન્ટ કોઈ આ રીપોર્ટ પર કાર્યવાહી ન કરે તો કોની જવાબદારી આ માટે કોઈ જવાબદારી નકકી કરવી જઈએ રહેણાંક મકાન માટે રૂા.૧૦ થી ૨૫ અને ધંધાકીય મકાન બાંધકામ માટે રૂા. ૨૫ થી૫૦ રૂા. સુધીની પેનલ્ટી ભરવાની ન ભરે તો મકાન જમીન દોસ્ત કરવાનું.

આ કાર્યવાહીથી નાગરીકો એ બચવા નિયમાનુસાર રજાચીઠ્ઠી પ્રમાણે બાંધકામ કરવું ન.પાલિકાએ વોર્ડ પ્રમાણે વોર્ડ ઈન્સ્પેકટરોની નીમણુંક કરીને તેમને તે જવાબદારી પહેલા

સોપવી જોઈએ પહેલા ન.પાલિકામાં ઠરાવનો અમલ કરતા પહેલા વોર્ડ ઈન્સ્પેકટરોની ભરતી કરવી જોઈએ.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૧૮**

સદર ઠરાવ ડ્રાયવર તથા કંડકટરની તા.૧–૭–૨૦૨૧ થી તા.૩૦–૦૯–૨૦૨૧ સુધી રાખવા માટેનો છે.

ગુજરાત ન.પા.અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૭ તથા ૫૦ તેમજ ન.પા.ના બાયલોઝ મુજબ કર્મચારીઓની નિમણુંક કરાર આધારીત ના હોઈ ના મંજુર કરવામાં આવે છે.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૧૯**

સદર ઠરાવ ઉચ્ચક પગારથી કામગીરી માટે રાખવા માટેનો છે.

ગુજરાત ન.પા.અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૭ તથા ૫૦ તેમજ ન.પા.ના બાયલોઝ મુજબ કર્મચારીઓની ઉચ્ચક પગારથી નિમણુંક કરાર આધારીત ના હોઈ ના મંજુર કરવામાં આવે છે.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૨૦**

આ ઠરાવ ચાર બગીચા માટે તા.૨૯–૯–૨૦ ને દિવસે બીજો ઠરાવ ન ત્યા સુધી રોજદાર રાખવા હવે ૧–૭–૨૧ થી ૩૦–૯–૨૧ સુધી રાખવા તેવો ત્રણ માસનો ઠરાવ કેમ? અગાઉ તા.૨૦–૯–૨૦ થી ૨૭–૭–૨૧ સુધી નવ માટે જે તે રોજમદારો રાખેલ તેની જવાબદારી કોની. જો કર્મચારીની જરૂરીયાત હોય તો નિયામકશ્રીની મજુરી લઈને કાયમ કરવા હમણા હાઈકોર્ટનો ચુકાદો છે કે રોજમદારોને પણ કાયમી કર્મચારી જેવા લાભ આપવા તો પુર્વ મંજુરી લઈ નિયામકની કાયમી ભરતી કરવી.

હવે જે માદળા બાગ અને દરીયાઈ જગ્યાએ જે સરકારશ્રીની ગ્રાટમાંથી નાણાં વપરાયા છે તે જગ્યાની માલીકી કોની જે દીલખુશ બાગમાં છે તે જ પ્રશ્ન આ બાગમાં ઉપસ્થિત થયેલ છે અગાઉના બોર્ડમાં માલીકી ધોરણની તપાસ કર્યા વગર માદળા બાગ અને દરીયાની જગ્યા એ જે કોઈ વિકાસના નામે કાર્ય કરેલ છે તે કેટલો કાયદેસર છે તો તે અંગે જે કોઈ જવાબદાર હોય તેની પાસે આર્થીક વસુલાત માટે કાર્યવાહી કરવી.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૨૪**

આ ઠરાવ ચાર વોટર વર્કસ પર ઠંડા પાણીમાટે આયોજન છે અને આ આયોજન ૧૪ માં નાણાં પંચમાંથી કરવા નકકી કરેલ છે પણ કેટલા રૂા.ની ફાળવણી કરવાની છે તે રકમ નકકી નથી નગરપાલિકાની પ્રાથમિક જવાબદારી નાગરીકોને ટીડીએસ વગરનું મીઠુ પાણી આપવાનું છે અને તે માટે મીઠા પાણીનો ટેક્ષ લે છે અને તેની પ્રાથમીક જવાબદારી છે આ જવાબદારી થી છટકવા માટે નવા નવા લોલી પોપ નગરજનોને આપે છે.

કનેવાલમાં મીઠા પાણીની યોજના ખંભાત માટે સરકારશ્રી સાથે કરારથી કરેલ છે

અને ઉનાળામાં પાણી મળી તે માટે મીઠું પાણી કનેવાલમાં રાખેલ રાખવાનું છે તો પછી આ દીશામાં કેમ પ્રયત્ન થતો નથી અને કરાર ભંગ માટે કોઈ કાર્યવાહી કેમ થતી નથી. સમાચારમાં આવેલ કે પાણી પુરવઠા મંત્રીશ્રી સાથે મા.ધારાસભ્યશ્રી પ્રમુખશ્રી એ કનેવાલ બાબતમાં રૂબરૂ ચર્ચા કરેલ છે અને આ દીશામાં આગળ વધવાનું છે નાગરીકોને મીઠુ પાણી લોકોને ઘેર બેઠા પાઈપ લાઈન માફરતે આપવાનું છે નહી કે વોટર વર્કસ પર ઠંડા પાણીના મશીન લોકો ધંધો કરશે કે મીઠુ પાણી લેવા માટે વોટર વર્કસ પર જશે માટે આ આયોજન બંધ રાખવું અને તે નાણાં કનેવાલના મીઠા પાણીના પ્રોજેકટમાં વાપરવા.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૨૬</u>

સદર ઠરાવ ખંભાત નગરપાલિકામાં એક એમ.આઈ.એસ./આઈ.ટી.એકસપર્ટ તરીકે ૧૧ માસ કરાર આધારીત નિમણુંક કરવામાં આવેલ તેઓ એ તા.૧૨–૭–૨૦૨૧ના વિનંતી પત્રથી રૂા.૧૫૦૦૦/– નું માસિક વેતન ચુકવી આપવા વિનંતી કરેલ જે મંજુર બાબતનો ઠરાવ છે.

સદર બાબતે ગુજરાત ન.પા. અધિનિયમની ૧૯૬૩ ની કલમ ૬૭ અને ૭૬(૩) મુજબ ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૩૩</u>

સદર ઠરાવમાં લાઈટ વિભાગમાં સ્ટ્રીટ લાઈટોની ફરીયાદો વધારે આવતી હોવાથી માલ સામાનની જરૂરીયાત હોઈ ઈ.લે.માલ સામાન ખરીદવા તથા એલ.ઈ.ડી. લાઈટ રીપેરીગ કરવા વિ.ની ખરીદી કરવાનો ઠરાવ છે.

સદર બાબતે ગુજરાત ન.પા. અધિનિયમની ૧૯૬૩ ની એકટની કલમ ૬૭ અને ૭૬(૩) મુજબ ન હોઈ ના મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૩૪</u>

સદર ઠરાવ સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષમાં કેન્ટીન અને મેટરનીટી હોમ લાયસન્સ ફી થી શરત ૧ થી ૩૪ ના અમલ સાથે લાયસન્સ ફી થી ભાડે આપવા અંગેનો ઠરાવ છે.

સદર બાબતે સદર બંને જગયાઓની અપસેટ કીમંત રૂા. ૯૯૦૦૦/– જણાવેલ છે અને (૦૯) વર્ષ માટે આપવા ઠરાવેલ છે શરત ૧ થી ૩૪ નો અમલ કરવાની શરતે આપવા તથા બોલીમાં સૌથી વધુ બોલી બોલે તેને આપવા અંગેનો ઠરાવ છે.

સદર બાબતે સ્થંભતીર્થ કોમ્પલેક્ષ અંગે ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન દાખલ થયેલછે જેથી તે સબજયુડીશ છે અને અપસેટ વેલ્યુ જે કલેકટરશ્રીની હાજરીમાં જે કમીટી હોય તે નકકી કરે તે પ્રમાણે રાખવાની હોય છે જેથી સદર કોમ્પ્લેક્ષ સબજયુડીશ હોય અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૬૭ અને ૭૬(૩) મુજબ ના હોઈ ના મંજુર કરવામાં આવે છે.

**<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૩૫</u>**

સદર ઠરાવ ખંભાત નગરપાલિકામાં સીવીલ કામમાં ડ્રેનેજ લાઈન તથા રોડ રીપેરીગ ના કામનું વાર્ષીક ભાવનું કામ નકકી થયેલ જેની જાહેરાત નયા પડકારમાં પ્રસિધ્ધ કરી ભાવો મંગાવેલ જેની અંતિમ તારીખે ત્રણ ભાવ પત્રકો આવેલ તે બાબતનો ઠરાવ છે.

સદર ઠરાવ ગુજરાત ન.પા. અધિનિયમની ૧૯૬૩ ની કલમ ૬૭ અને ૭૬(૩) મુજબ ના હોઈ ના મંજુર કરવામાં આવે છે.

**<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૩૬</u>**

સદર ઠરાવ માદળા તળાવ બાગમાં કેબલ તથા ફુડ કોર્ટની બાકી રહેતી કામગીરી તથા દરીયાના ડેવલેપમેન્ટ માટે અલગ અલગ કામગીરી માટેનો છે.

સદર માદળા તળાવ વાળી જગ્યાની માલીકી ખંભાત નગરપાલિકા નથી ન.પા. ફકત ટ્રસ્ટી તરીકે જ છે તે જ પ્રમાણે દરીયાની જમીન સરકારી હોવાનું જણાય છે સદર બંને જમીનોની માલીકી ન.પા.ની હોવાનું સ્પષ્ટ નથી માટે સદર ઠરાવ નામંજુર કરવામાં આવે છે.

**<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૩૭</u>**

સદર ઠરાવ કેટલાક વિસ્તારોમાં ગટરની પાઈપો બેસી ગયેલ હોઈ ગટરનું ગંદુ પાણી ખુબ જ રોડ પર નીકળતું હોવાથી સરકયુલર ભાવો મંગાવી ખર્ચ કરવા માટેનો ઠરાવ છે.

સદર ઠરાવમાં સરકયુલર ઠરાવથી ભાવો મંગાવેલ છે જેની કોઈ જોગવાઈ નથી તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૬૭ તથા ૭૬(૩) મુજબ કાર્યવાહી કરેલ ન હોઈ ઠરાવ ના મંજુર કરવામાં આવે છે.

**<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૩૮</u>**

સદર ઠરાવ નિયમોનુસાર ન હોવાથી ના મંજુર કરવામાં આવે છે.

**<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૩૯</u>**

સદર ઠરાવમાં શ્રી અક્ષયકુમાર  મનહરલાલ શેલતને માસીક (ઉચ્ચક) પગારથી રાખવા મંજુર કરવાનો છે.

